## ડીંડોલી, ઉધના, લિંબાયત પોલીસ સ્ટેશન વિસ્તારના શરીર સબંધી ગુનામા નાસતા ફરતા આરોપીને દેશી હાથ બનાવટની પીસ્ટલ સાથે ઝડપી પાડતી ડીંડોલી પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્ટાફની ટીમ

મે.સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર, ઝોન –૧ સાહેબ નાઓની સુચનાથી તથા મે.મદદનીશ પોલીસ કમિશનર બી ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ ડીંડોલી પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી બી.એમ.પાટીદાર નાઓની આગેવાની હેઠળ ડીંડોલી પો.સ્ટે.ના સર્વેલન્સ સ્ટાફના પોલીસ માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોઇ અનીચ્છનીય બનાવ ન બને તેમજ નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન **પ્રો.પો.સ.ઇ. જે.પી.સોલંકી તથા અ.પો.કો. સંતોષ રાજુભાઇ** નાઓને સંયુકત-ખાનગી બાતમીના આધારે બાતમી હકીકત મળેલ કે, ડીંડોલી પોલીસ સ્ટેશનના મારામારીના ગુનામા સંડોવાયેલ આરોપી રાહુલ એપાર્ટમેન્ટ નવાગામ શીવહીરાનગર પાસે આવવાનો છે. જે બાતમીના આધારે આરોપી **રાહુલ ઉર્ફે રાહુલ એપાર્ટમેન્ટ S/O ભાઇદાસ પીંપળે ઉ.વ.૨૪ રહે-ઘર નં. ડી/૩/૧, બાજપાઇ આવાસ ઉધના, સુરત મુળવતન- આષ્ટ, તા-શાહદા, જી-નંદુરબાર (મહારાષ્ટ્ર)**વાળાને પકડી પાડી, તેની પાસેથી એક દેશી હાથ બનાવટની પીસ્ટલ તથા જીવતા કાર્ટીઝ નંગ-૨ કબજે કરી **ડીંડોલી પોલીસ સ્ટેશન ॥ ગુ.ર.નં. ૧૨૬/૨૦૧૯** ધ આર્મસ એક્ટ કલમ ૨૫(૧-બી)એ તથા **જી.પી.એક્ક્ટ કલમ ૧૩૫ (૧) મુજબનો ગુનો રજી.કરી**, મજકુર ઇસમને તા-૦૮/03/૨૦૧૯ ના કલાક ૦૦/૪૦ વાગે અટક કરેલ છે.

**[૧] કબજે કરવામાં આવેલ હથીયાર:-** (૧) દેશી હાથ બનાવટની પીસ્ટલ નંગ-૧ કિ.રૂ.૭૦૦૦/- (૨) જીવતા કાર્ટીઝ નંગ-૨ કિ.રૂ. ૧૦૦/- **[૨] મજકુર આરોપી (૧) ડીંડોલી પો.સ્ટે. । ગુ.ર.નં. ૨૧૩/૧૮ ઇ.પી.કો. ૩૦૭, ૧૪૩,૧૪૭,૧૪૯, વિગેરે તથા (૨) ઉધના પો.સ્ટે. । ગુ.ર.નં.૧૯૨/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ વિગેરે (૩) લિંબાયત પો.સ્ટે. ॥ ગુ.ર.નં. ૮૦૭/૨૦૧૮ ઇ.પી.કો. ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનામા નાસતો ફરતો છે.**

**[૩] ગુનાહીત ઇતીહાસ:-મજકુર ઇસમ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં મર્ડરના ગુનામા તથા ઉધના પોલીસ સ્ટેશનમાં શરીર સબંધી ગુનામા પકડાયેલ છે.**